ગાંધીનગર સમાચાર

તા. ૨૨-૪-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### ધરતી માતાને જીવવા દઈએ

'ખૂંદી તો ખમે ધરતી માતાને વળી વાઢી ખમે વનરાઈ....' વર્ષો પહેલાં વાંચેલી કવિતાની પંક્તિ યાદ આવે છે. ધરતીને આપણે માતા તરીકે પૂજીએ છીએ અને પછી એના પ્રત્યે બેરહેમીપૂર્વક એવા જુલમ ગુજારીએ છીએ કે એને જો વાચા હોત તો એણે આપણને જરૂર ઉઘાડા પાડ્યા હોત. એ બિચારી ચૂપચાપ એનાં સંતાનોનો ત્રાસ સહન કરતી રહે છે અને એમનાં પાપોને માફી આપતી રહે છે. આખરે માનું હૈયું છે ને! એને ખબર છે કે એની કૂખે પેદા થયેલો દરેક જીવ આખરે એક દિવસ એની જ ગોદમાં ચિરનિદ્રામાં પોઢી જવાનો છે. એ ઈચ્છે છે કે એની આ લીલી કુંજાર વાડી આવનારાં અબજો વર્ષો લગી આવીને આવી હરિયાળી રહે, પરંતુ કાળા માથાના માનવીના ભેજામાં એકથી એક ચડિયાતા તર્કવિતર્ક જાગતા રહે છે, એ પ્રગતિ નામની વિષવેલ ઉછેરવા ધરતીનું જ નહીં, ખુદ પોતાનું નિકંદન કાઢવાના કારસા કરતો રહે છે. ધરતીનાં પેટાળમાં હતું એટલું જળ એણે ઉલેચી નાખ્યું છે, હવે તો બાકી છે એનું લોહી. સ્વાર્થી માનવીએ ધરતીના શણગાર સમાં જંગલોનો વિનાશ કરી દીધો છે, નદીઓને મસમોટા ડૅમોમાં બાંધીને નજરકેદ કરી દીધી છે. કારખાનાં રોજેરોજ ટનબંધ ધુમાડા રૂપે ઝેર ઓકતાં રહે છે. વનોની સાથે વન્ય જીવો અને વનસ્પતિનો સોથ વળી રહ્યો છે. એથી પર્યાવરણ-સંતુલન બગડ્યું છે. રણ વધતાં જાય છે, ગ્લેશિયરો ઓગળતી જાય છે, સમુદ્રનું સ્તર વધતું જાય છે, 'સુનામી' આવતાં રહે છે... ઓઝોન પડ પીખાંતું જાય છે. કતલખાનામાં રોજેરોજ કરોડોના હિસાબે કપાતાં નિર્દોષ પ્રાણીઓ અને પક્ષીઓના લોહીથી ખરડાયેલું ધરતીમાતાનું દામન રાતુંચોળ બની જાય છે ત્યારે એકાએક એનું કાળજું કકળી ઊઠે છે અને એ પોતાનું સમતોલન ખોઈ બેસે છે. ભયંકર ધરતીકંપ, જવાળામુખી, વાવાઝોડાં અને સુનામીના સપાટામાં માણસ સહિત નિર્દોષ જીવો હોમાતા રહે છે. શું મનુષ્યની આ જ નિયતિ છે? ઈશ્વરે તો માણસ સ્વરૂપે પોતાની જ પ્રતિકૃતિ રચવાનો પ્રયાસ કર્યો હતો. તો પછી માણસ આત્મવિલોપનના અડાબીડ માર્ગે કેમ વળી ગયો છે? આજે ૨૨મી એપ્રિલ 'વિશ્વ ધરતી દિવસ'ના નિમિત્તે આવું બધું વિચારવાની અને અત્યાર સુધી થઈ ગયેલી ભૂલો સુધારી લેવાનો સંકલ્પ લેવાની તાતી જરૂર છે. પચાસના દાયકાનાં અંતિમ વર્ષો દરમિયાન અમેરિકામાં પર્યાવરણને હાનિ પહોંચાડતાં ધુમાડા અને ઔદ્યોગિક કચરાથી ત્યાંની પ્રજા પીડાવા લાગી ત્યારે એને ઓચિંતો જ ખ્યાલ આવી ગયો કે પર્યાવરણ સંરક્ષમ મુદ્દે જાગ્રત નહીં રહીએ તો આવનારી પેઢીઓ આપણને માફ નહીં કરે. એ લોકજાગૃતિ અન્વયે અમેરિકન સરકારને 'કલીન ઍર', 'કલીન વૉટર' અને 'ઍન્ડેન્જર્ડ સ્પીસીસ' જેવા ત્રણ કાયદા બનાવવા પડ્યા. શુદ્ધ હવા, શુદ્ધ પાણી અને વિનાશના આરે આવેલ પ્રજાતિઓનો આ મુદ્દો સમગ્ર વિશ્વ માટે એટલો જ અગત્યનો હોઈ યુનોએ ૨૨મી એપ્રિલના દિવસને 'આંતરાષ્ટ્રીય ધરતી દિવસ' જાહેર કરેલ છે. આપણે તો આદિકાળથી ધરતીને માતા સ્વરૂપે પૂજીએ છીએ, નદીઓને લોકમાતા અને વૃક્ષોને પણ દેવતા સ્વરૂપે માનીએ છીએ. પરંતુ 'વિકાસ'ની આંધળી દોટમાં એ બધાં પોથીમાંનાં રીંગણાં બની રહે છે અને રોજરોજ જંગલો કપાતાં જાય છે, નદીઓ બંધાતી જાય છે, જીવસૃષ્ટિ માટે જીવવાની જગ્યા જ નથી બચતી એથી એ પણ ધીરે ધીરે અદૃશ્ય થતી જાય છે. પેલી ચકલી કયાં ચાલી ગઈ? ચિત્તો કયાં છુપાઈ ગયો? એક જ દાયકામાં આવાં તો કેટલાં બધાં પ્રાણી-જીવજંતુ અલોપ થઈ ગયાં છે! શું આ છે આપણી ધાર્મિકતા? આને આપણે માનવતા કહીશું? આ તે સંસ્કૃતિ છે કે વિકૃતિ? વિકાસના રૂપકડા અંચળા હેઠળ વિનાશના માર્ગે વળી ગયેલા માનવીને આપણા શાશ્વત કવિ ઉમાશંકર જોશીની આ શિખામણ કાને ધરવાનું ગમશે ખરું?

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે પંખી છે પુષ્પો : વનોની છે વનસ્પતિ!
ચાલો, વૃક્ષો વાવીએ. ધરતીમાતાને નવી લીલી ઓઢળી ઓઢાડીએ.

# રોટરી કલબે નગરની મહિલાઓ માટે શક્તિ-૨૦૧૪ કાર્યક્રમ યોજ્યો

## બે દિવસીય કાર્યક્રમમાં ૭૦૦ થી વધુ મહિલાઓ જોડાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા બે દિવસીય શક્તિ-૨૦૧૪ મહિલા સશક્તિકરણનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. ક્લબ દ્વારા સમાજ સાથે વણાયેલા ભિન્ન ભિન્ન વિષયો પર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શહેરની ૭૦૦ થી વધુ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શહેરની મહિલાઓના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય અને તેનામાં રહેલી શક્તિઓ વિકસાવી નામના મેળવે તે હેતુથી ગાંધીનગરના ટાઉનહોલ ખાતે તા. ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ શક્તિ-૨૦૧૪ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ દિવસે જાણીતા લેખિકા કાજલ ઓઝા વૈદ્ય, ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની અને રેડિયો મિર્ચી આર.જે. ધ્વનિલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બીજા દિવસે હાસ્ય કલાકાર હિમાંશુભાઈ સહિત અનેક નામી કલાકારો અને વિધ્વાનો ઉપસ્થિત રહી મહિલાઓને વિકાસલક્ષી સંબોધન કર્યું હતું.

મહિલાઓ કુટુંબની સાથે સાથે અનેક જવાબદારીઓ ઉપાડે છે. ત્યારે તેમણે પોતાનુ સ્વાસ્થ્ય સ્વરોજગાર, બાળઉછેર, આત્મસન્માન, મહિલા મનોવિજ્ઞાન જેવા વિષયો પર ઉપસ્થિત મહેમાનોએ વિસ્તૃતમાં રસપૂર્વક માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં શહેરની ૭૦૦ થી વધારે મહિલાઓએ ભાગ લીધો હતો.

શક્તિ-૨૦૧૪ મહિલા કાર્યક્રમમાં અલગ-અલગ વિષયમાં ભાગ લેનાર મહિલાને ભેટ સ્વરૂપે રોટરી ક્લબ દ્વારા એક કીટ આપવામાં આવી હતી. તેમજ લકી ડ્રો યોજવામાં પણ આવ્યો હતો. તેમ ક્લબના પ્રમુખ રાહુલ મહેતાએ જણાવ્યું હતું.

# રદ થયેલી પરીક્ષા આગામી ૨૭ એપ્રિલના રોજ લેવાશે

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બીકોમ સેમ-૨નું પેપર વોટ્સઅપ ઉપર ફરતું થતા પરીક્ષા આખરે રદ કરવામાં આવી હતી

અમદાવાદ, તા. ૨૧

વિવાદ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક બીજાના પર્યાય બની ચુક્યા છે ત્યારે આજે યુનિવર્સિટી દ્વારા બીકોમ સેમેસ્ટર-૨નું બિઝનેસ મેનેજમેન્ટનુ પેપર હતું. પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ પેપર ગઈકાલ રાતથી સોશ્યલ સાઈટ વોટ્સઅપ પર ફરતુંતથા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે. શિક્ષણ જગતને લાંછનરૂપ ઘટના અંગે શિક્ષણ જગતમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ પરીક્ષામાં ખુલ્લે આમ ચોરી માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પકડાયેલી છે. ત્યારે આ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લેવાઈ રહેલ બીકોમ સેમેસ્ટર-૨નું બિઝનેસ મેનેજમેન્ટનું પેપર લીક થઈ જતાં યુનિવર્સિટીની કામગીરી પર સવાલ ઉભા થયા છે. આ અંગેની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ મહેન્દ્ર પાડલીયાને જાણ થતા તેમણે તાબડતોડ અસરથી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. વોટ્સઅપ પર ફરતુ પેપર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા પેપરની સરખામણી કરતા બન્ને પેપર સરખા જ નિકળ્યા હતા. આથી કુલપતિ મહેન્દ્ર પાડલીયાએ આજની બીકોમ સેમેસ્ટર-૨ની પરીક્ષા રદ કરી હતી. બીજી બાજુ યુનિવર્સિટીને સંલગ્ન કેટલીક કોલેજોમાં આ ઘટના અંગેની જાણ નહોતી. આથી કેટલીક કોલેજોમાં પરીક્ષા પણ ચાલુ થઈ ગઈ હતી. વિદ્યાર્થીઓએ કલાક-દોઢ કલાકનું પેપર પણ લખી નાખ્યું હતું. કોલેજ સંચાલકોને આ ઘટનાની જાણ કરવામાં આવતા તેઓએ પેપર વિદ્યાર્થીઓ પાસેથી પરત લઈ લીધા હતા. પેપર પરત લેવાતા વિદ્યાર્થીઓમાં નારાજગી વ્યાપી જતાં વિરોધ નોંધાયો હતો. રદ કરાયેલી પરીક્ષા આગામી ૨૭ એપ્રિલના રોજ લેવાશે તેવું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિએ જણાવ્યું હતું. આ પેપર કેવી રીતે, કોના દ્વારા, કંઈ જગ્યાએ ફુટ્યુ તે સહિતના મુદ્દાની તપાસ કવરા માટે કુલપતિએ પોલીસ ફરિયાદના નિર્દેશો ગતિમાન કર્યા છે.

# આત્મન્ અભિવ્યકિત બાળ શિબિરમાં ભાગ લેવા જોગ

ગાંધીનગર, તા. ૨૧

દર વર્ષે વેકેશનમાં યોજાતી આત્મન્ અભિવ્યકિત બાળ શિબિર આ વખતે તા. ૨૫, ૨૬, ૨૭ એપ્રિલ ૨૦૧૪ (શુક્ર, શનિ, રવિ) ત્રણ દિવસ માટે યોજાનાર છે. શિબિરનો સમય સવારના ૯.૩૦ થી સાંજના ૬.૧૫ રહેશે. કોઈ પણ શાળાના ધો-૧ થી ૯માં અભ્યાસ કરતા બાળકો ભાગ લઈ શકશે. આ શિબિર પ્રાકૃતિક એવા સ્થળ શ્રી જવાહરલાલ નહેરુ સરકારી નવૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, સે-૧૯ સર્કલ પાસે, ગાંધીનગર ખાતે યોજાશે. જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓનો આનંદ બાળકો માણી શકશે.

શિબિરમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન ફોર્મ ભરવું જરુરી છે. તા. ૨૨-૪-૧૪ સુધીમાં નીચેના સ્થળેથી ફોર્મ મેળવી ભરીને પરત કરવાના રહેશે.

(૧) સુધા શુકલ, ૯/૪૯, પરિમલ એપાર્ટમેન્ટ, સે-૭ મો. ૯૮૭૯૨ ૭૯૫૨૯

(૨) તુષાર દવે પ્લોટ ૨૪૨/૨, સે-૩-એ ન્યુ મો. ૯૨૭૫૧ ૫૩૮૦૪

(૩) દર્શનાબેન વ્યાસ, પ્લોટ ૭૨૨/૨, પંચશીલ પાર્ક, સે-૨૧ ફોન-૨૩૨૨૫૭૯૮

(૪) સંજય થોરાત પ્લોટ ૬૩૫/૨, મંગલમૂર્તિ પાસે, સે-૮-બી- મો. ૯૯૨૪૦૫૭૦૪૯

(૫) વિક્રમ જાની, પ્લોટ ૪૭૨/૨, સે-૪-બી, ખ રોડ મો. ૯૭૨૭૭ ૨૦૬૮૬

(૬) જયશ્રી ખેતિયા, પ્લોટ-૮૫૦, સોમેશ્વર સોસાયટી, સે-૨૭ મો. ૯૩૭૪૮ ૦૫૯૪૮

(૭) સી.એલ. મહેતા, ૨૬૪/૪, રોહન પેલેસ, પીંકી ફેશન પાછળ, સે-૨૯ ફોન-૨૩૨૨૭૯૮૬

ભાગ લેવા ઈચ્છતા બાળકો વાલીઓએ ફોર્મ મેળવી રજિસ્ટ્રેશન કરાવી લેવા સંસ્થાના પ્રમુખ-મંત્રીશ્રીએ જણાવ્યું છે.

## આજે વિશ્વ ધરતી દિવસ સંસ્કાર ગૃપ દ્વારા લીલી વનરાજી પર કાર્યક્રમ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૧

શહેરની સંસ્થાઓ દ્વારા આજે વિશ્વ ધરતી દિવસ ઉજવવામાં આવશે. ધરતી માતાની રક્ષા કરવા માટે સંસ્કાર ગૃપ નગરજનોને ધરતી માતાની રક્ષા કરવા સોગંદ લેવડાવશે. વિવિધ રીતે ધરતી વિશેનું જ્ઞાન આપવામાં આવશે.

સમગ્ર દેશ આજે વિશ્વ ધરતી દિવસ મનાવશે ત્યારે શહેરની સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજ રોજ મંગળવારે સાંજે ૬-૦૦ વાગે સેકટર-૭ બગીચા ખાતે વિશ્વ ધરતી દિવસની ઉજવણી કરાશે. કાર્યક્રમમાં નેચર કલબના સભ્યો પણ ઉપસ્થિત રહેશે.

સંસ્થા દ્વારા બાળકો, યુવાનો, વડીલોને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. કાર્યક્રમમાં આજના યુવાધન દ્વારા પોતાના સ્વાર્થ માટે લીલી વનરાજીને નુકશાન કરવામાં આવે છે તેમજ પાનખરમાં પડેલા સૂકા પાંદડાને કચરો સમજી સળગાવી નાંખવામાં આવે છે તેવા અનેક મુદ્દાઓને લઈને વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...



# સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ આપશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય સરકાર હસ્તકની ખાલી પડેલી જગ્યાઓ માટે સરકાર દ્વારા તબક્કાવાર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવેલ છે.

શહેરના યુવાનો સરકારી ક્ષેત્રે કારકિર્દી ઘડી શકે તે માટે સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ ગાંદીનગર દ્વારા વિવિધ ભરતી માટેની તાલીમ આપતા વર્ગ શરૂ કરવામાં આવ્યો છે. આ વર્ગોમાં મેરીટના આધારે ઉમેદવારોની પસંદગી હાથ ધરવામાં આવશે અને તાલીમ વર્ગોની બેચ જૂનના પ્રથમ સપ્તાહમાં શરૂ કરવામાં આવશે.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં વર્ગો શરૂ કરવામાં આવશે. જેના પ્રવેશફોર્મ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, સે. ૭, જુનિયર સિટિજન કાઉન્સિલ, સીવીલ કમ્પાઉન્ડ સેક્ટર-૧૨ અને ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ ખાતેથી મેળવી શકાશે. પ્રવેશપત્રો તા. ૫ મે, સુધી જુનિયર સાયન્સ કોલેજ ખાતે સવારે ૮ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

# સાદરા વિદ્યાપીઠમાં વિદાય લેતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

તાલુકાના સાદરામાં આવેલી મહાદેવભાઈ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં વર્ષ દરમિયાન શ્રેષ્ઠ રમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનુ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા ખાતે છેલ્લા વર્ષમાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક, ગ્રામ સેવા મહાવિદ્યાલયના ડૉ. કનુભાઈ નાયક, આચાર્ય તેજસભાઈ ઠાકર, રમેશભાઈ પટેલ, ડૉ. જમનાદાસ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને વિદ્યાપીઠના ધ્યેયોને સાથે લઈ જીવનમાં જ્યાં પણ કાર્ય કરે ત્યા ધ્યેયોને ઉજાગર કરવા. આ પ્રસંગે વર્ષ દરમિયાન રમત પ્રત્યે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બળવંત રાજપુત હેન્ડબોલ, ક્રિષ્ના પંડ્યા સ્વિમિંગ અને આસિફ લીમડા ઝુડો-કુસ્તી અને બહેનોની ખો-ખો ટીમને શુભેચ્છા પાઠવી બિરદાવી હતી.

આ પ્રસંગે વિદ્યાપીઠના કુલનાયકે વિદ્યાર્થીઓને જીવનમાં ધીમી ગતિએ અને સાતત્ય જાળવી આગળ વધવુ. જીવનમાં પોતાના કરતા અન્ય માટે પોતાનુ યોગદાન આપવુ. તેમ જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ગૃહપતિ ભરતભાઈ પટેલે અને આભારવિધિ ડૉ. અરવિંદભાઈ રામીએ કરી હતી.

# વુમન કાર્નિવલ... રસોડાની રાણીઓ માટે અવસર આનંદની અનુભૂતિનો...

મહિલાઓની સાચી શક્તિની ઓળખ ત્યારે જ થશે, જ્યારે તેઓ રસોડાની ગુલામીમાંથી બહાર આવશે. 'મહાત્મા ગાંધીએ કરેલી આ વાત રોટરી કલબ ઑફ ગાંધીનગરના સભ્યોને અપીલ કરી ગઈ અને સાત વર્ષથી સતત તેઓ 'સ્ત્રી શક્તિ' માટે બે દિવસીય કાર્યક્રમ યોજે છે. રોટરીના પ્રમુખ રાહુલ મહેતા અને પ્રોજેકટ ચેરમેન જૉય બક્ષીએ શક્તિ-૨૦૧૪ માટે વિવિધ વિષય અને વિષય નિષ્ણાતોનું જે સિલેકશન હતું એનાથી જ રોટરી કલબની કવૉલિટી પ્રોગ્રામનું વિઝન દશ્યમાન થતું હતું.

ઉદ્દઘાટનમાં આનંદના દર્શન કરાવતા ગુરૂમા અને ગાંધીનગર ઉત્સવનું સફળ આયોજન કરી રહેલા કલ્ચરલ ફૉરમનાં અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, સૃષ્ટિમાં સ્ત્રી ધરી પણ છે અને મધ્યબિંદુ પણ' સાથે કાજલ ઓઝા વૈદ્ય, 'જીવન માણવા જેવું છે' સાથે ડૉ. ભદ્રાયુ વછરાજાની, સ્ત્રી સફળતાની કેડીની સંગાથે, ડૉ. જ્ઞાનેશ્વર રાવ ડ્રેસ્ટ્રીકટ ગવર્નર રોટરી, આનંદીત સ્ત્રી આનંદીત કુટુંબ, રેડિયો મીર્ચીના આર.જે. ધ્વનીત, શક્તિ સમજ અને સમજની શક્તિ, આઈએએસ ભાગ્યેશ જહા, યોગ એ જ આનંદ અને આહાર એ જ ઔષધી, ઉર્વિ રાજવી- સુકેશી શાહ, સ્ત્રી આરોગ્ય- ડૉ મુકેશ બાવીશી, આત્મ-સન્માન- આશાબેન દલાલ, 'સંબંધોનું સમીકરણ' વિનેશ અંતાણી, હસે તેનું ઘર વસે હિંમાંશુ બુચ અને 'સ્ત્રી મનોવિજ્ઞાન- ડૉ ગૌરાંગ થાનકી.. અને આ બધાંને સાંભળવા જિંદગીને હળવી બનાવી માનસિક તાણ ઘટાડવાની ઈચ્છા સાથે ૭૦૦થી વધુ મહિલાઓ રસોડામાં રજા રાખીને આવી હતી.

સ્ત્રીની શક્તિના મહિમા સાથે ગુરૂમા આનંદની અનુભૂતિ કરાવે અને દિપપ્રાગટ્ય વખતે ટાઉન હૉલમાં ઉપસ્થિત સૌ મહિલાઓએ એક સાથે બલૂન ફોડીને માત્ર સ્વ-સન્માનની સાથે ગાંધીનગર ઉત્સવની ઉજવણીને પણ વધાવી... સંસારની જવાબદારી સાથે સાત વર્ષમાં બેસ્ટ સેલર જેવા ૫૬ પુસ્તકો અને 'સપ્તપદી' ફિલ્મ દ્વારા લેખનથી અભિનય અને શ્રેષ્ઠ ક્રાંતિકારી વકતા એવાં કાજલ ઓઝા વૈદ્યે એમની રસપ્રદ શૈલીમાં સીધો જ સંવાદ માંડ્યો...



સ્ત્રી પુરુષની સરખામણીનો સવાલ જ નથી, સ્ત્રીએ સમોવડીયા થવાની જરૂર નથી કારણ એને સમોવડીયા થવા બે પગલાં નીચે ઉતરવું પડે. સ્ત્રી શક્તિ એટલે સતિ અનસૂયા જે અંજલિ પાણી છાંટેને બ્રહ્મા- વિષ્ણુ- મહેશ' બાળક બની જાય, પશ્ચિમનું અનુકરણ કરવાની જરૂર નથી. કશું જ પશ્ચિમમાંથી આવતું નતી, સૂર્ય પૂર્વમાંથી ઉગે છે... સ્ત્રીને ઈકોનોમી ઈન્ડીપેન્સી જોઈએ છે, પણ પુરુષ તો પહેલેથી જ એનો પગાર પત્નીને સોંપતો આવ્યો છે. ઘરનું મેનેજમેન્ટ કરવામાં સ્ત્રી માહેર છે. ઘર ભલે પુરુષ ચલાવે 'ઘરવાળી' તો સ્ત્રીને જ કહેવાય...

જાહેરાત વાળાનું લક્ષ્ય જ સ્ત્રી છે, સ્ત્રી સૌથી ઈઝી કસ્ટમર છે. પૈસા-સત્તા સાથે એમ્પાવરને સંબંધ છે. સ્ત્રીની આંખમાંથી તેજ હોય તો પુરુષ રસ્તો રોકી જ ના શકે. કુદર-ઈશ્વર-સુપ્રિમને દુશ્મન જ યાદ કરાવતો હોય છે. સ્ત્રી શ્રદ્ધા ભૂલી ગઈ છે. પુરુષ નબળો હોત તો એના ખભે કુટુંબ ચલાવવાની જવાબદારી ના હોત. પુરુષ જરૂરીયાતો માટે કોમ્પ્રોમાઈઝ કરે છે. લગ્ન એટલે સુધાર કેમ્પ નથી 'સુધરતી નથી' અને 'તમે બદલાઈ ગયાં' આ બંનેમાં સ્ત્રી જવાબદાર છે. સુપર વુમેન થવાની ઘેલછામાં એ ઘર મારા પર આધારીત છે નો ગર્વ કરતી થઈ જાય છે...



hellogandhinagar@gmail.com



નારી શક્તિ ૨૦૧૪

–સંજય થોરાત

પત્ની એક સાથે ફોન પર વાત કરે. દાળને વઘાર કરે. ડૉર બેલ વાગે તો કુરીયર પણ લે જેવાં કામો કરી શકે. ઘરની ધરી અને મધ્યબિંદુ જેવી સ્ત્રી જ સંસારને આનંદ અને સુખ આપે છે. સ્ત્રી પાસે બુદ્ધિ, કુનેહ છે અને ઘરનો કલેશ ઘટાડવા ઉપયોગ થાય એ જરૂરી છે. ટીવી પર સાડા આઠથી સાડા અગિયારના સિરીયલના લેશન ના શિખાય.

કૃષ્ણનો અર્થ કેન્દ્ર છે અને દરેક સ્ત્રી પોતાનાં ઘરની કૃષ્ણ છે. સ્ત્રીને ચૉઈસ નથી એટલે કામ તો આનંદથી જ કરવું, મરઘી ઈંડા સેવવા બેસે છે એ કયારેય કચકચ કરે છે? સ્ત્ર પાસે જન્મજાત આપવાનો ગુણ છે એટલે તમારી આવડતને યુઝ ઈટ ઑફ લુઝ ઈટ...

પતિ તમારે અત્તર જેવો જોઈએ કે અથાણાં જેવો? તમે તમારી નેગેટીવીટી દૂર કરો, ગયું એનું શ્રદ્ધાથી શ્રદ્ધ કરો. હમણાં જે થાય છે એ જ ઉત્તમ છે. જે સ્ત્રીને અબળા માને છે એનાથી નબળો કોઈ નથી... જેવો અનેક ડાયરેકટ હૃદય સોંસરવી ઉતરે એવી વાતોથી કાજલ ઓઝા વૈદ્ય ખરેખર જ સ્ત્રી શક્તિને જાગૃત કરવાનું સુંદર કાર્ય કર્યું...

અદાણી એજયુકેશન ટ્રસ્ટના ડાયરેકટર ફુલછાબ- દિવ્યભાસ્કરનાં કૉલમ અને ૨૦ પુસ્તકોના લેખક ડૉ. ભદ્રાયુ વછરાજાની હૈયુ અને મસ્તક હળવી વાતો સાથે આવ્યાં. ખુશીને શોધશો નહીં શોધશો તો મળશે નહીં, કોઈપણ સ્થિતિ ૯૦ ટકા એવી જ હોય છે, ૧૦ ટકા તમારાં હાથમાં છે. શરીર ખાવાથી નહીં પણ મજાથી વધી શકે છે. દરિયાશી મોજને ઉપરથી કુદરતની રહેમ છે ની જેમ જીવવું. સચિવાલયનાં કલાર્કને ઑફિસર પણ નવરાઓની પંચાત જ કરતાં હોય છે..

સાસુ વહુની કોન્ફલીકસમાં સમજદારી લાવો મુસીબતો ટળે. સાસુને પુછો કે કઈ દાળ બનાવું? એ જો મગની કહે ને તમને ના આવડતી હોય તો જરાય ચિંતા કર્યા વગર કહેવાનું. આજે તો સાસુમા તમારાં હાથની મગની દાળ ખાવી છે... આંખોના પાણી તો આવે ને જાય. ભીતરની ભિનાંશ કંઈ ઓછી ના થાય? આપણા મનમાં ચાર ખાનાં છે. પ્લાનિંગ - પ્રેરણા- લૉજીક અને ફન. સાસુ કથામાં જાય તો આપણે ભજીયા ખાઈએ જેવી હળવી વાતો અને બે વિડિયો કિલપીંગ્સ અને એમાંય છેલ્લી તો વિકટ પરિસ્થિતિમાંય એક ચોકલેટનો આનંદ કેમ લેવો? હૃદય સ્પર્શી ગઈ..

રેડિયો મીર્ચીને લાઈવ બનાવતો ધ્વનિત દસ વર્ષથી આર.જે.નું રસીલું કાર્ય સંભાળે છે. યુથ આયકન બનેલો અને 'મજાની લાઈફ' આલબમના ગાયક જે હાલ ઈલેકશન કમિશનનો બ્રાન્ડ એમ્બેસેડર છે અને મતદાન જાગૃતતા અભિયાન ચલાવે છે. એણે હેપ્પી વુમન, હેપ્પી લાઈફની શરૂઆત દરેક મમ્મીઓને જાદુઈ ઝાખી અપાવીને શરૂ કરાવી. અસ્તિત્વ અને ઓળખ મહત્વની છે. વિવેકાનંદની વાત સાથે માતૃભાષાના આદરની વાત કરી. માર્કેટીંગના લીધે માણસ એનાં દેખાવ અને વ્યક્તિત્વથી ઓળખાય છે.

બાર્ગેનીંગ અને ગૉસીપમાં સ્ત્રીઓને મજા પડે છે. પુરુષ માટે રોટી-કપડાં-મકાન છે. જ્યારે સ્ત્રીઓને ઉલટું છે. સ્ત્રી ઘરમાં સૌથી છેલ્લે ખાય છે. ૪૫ વર્ષની સ્ત્રીઓને પહેલાં ટાઈમ મળતો નહોતો અને હવે ટાઈમ જતો નથી. અબ્દુલ કલામની વાત ઘરની સ્ત્રી સ્માઈલ કરશે તો પુરો દેશ સ્માઈલી બનશે. ધ્વનિતને પબ્લિક ડિમાન્ડ પર બડે અચ્છે લગતે હૈ.. ગીત અને ઈલેકશન કેમ્પેઈનીંગનું ગીત મોબાઈલ માંથી સંભળાવ્યું. કોલેજમાં બંક મારીને ખાસ ધ્વનીતને જોવાં આવેલી છોકરીઓએ એને પાંચમાંથી પાંચ મિચ્ચી આપ્યાં. પણ સમજદારની શ્રેણીમાં આવતી સ્ત્રીઓએ એને પાંચમાંથી અઢી મીર્ચીને લાયક જ ગણ્યો.

યોગ અને આધ્યાત્મમાં ગળાડુબ આર્કિટેક ઉર્વી રાજવીરે યોગ એ જ આનંદ અને આહાર એજ ઔષધીને ઑમકાર નાદ સાથએ શરૂ કરાવ્યો. સ્ત્રી પોતાને પોતાના બંધારણમાં ફીટ કરીને બેઠી છે. કર્મયોગ, જ્ઞાન યોગ, ભક્તિ યોગ, સાંખ્ય યોગ સાથે યોગઃ કર્મસુ કૌશલમ્- ની ઘણીબધી માહિતી સાથે સજ્જ હતાં એવાં ઉર્વીબેનને સમયનો અભાવ નડી ગયો. તળવળકર જીમનાં ડાયરેશીયન સુકેશી શાહે સાત્વિક જમણ- જંકફુડ અને ભૂખ્યા રહેવાથી વજન વધે જેવી ટૂંકી વાતમાં જ સમેટાવું પડ્યું.



રોટરીના સ્ત્રી શક્તિના સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિર્ઝરી ગુપ્તાએ કર્યું અને રસાળ શૈલી સહ શૅર, મુકતક, ભાષા વૈભવ સાથે વકતાઓને સમયસર અટકાવવાનું કાર્ય પણ કર્યું.. રોટરીના સેક્રેટરી એચ.એમ. પટેલ, ચૈતન્ય શુકલ, અલકા પટેલ સાથે સમગ્ર ટીમનું સજ્જડ મેનેજમેન્ટ અને કામની ડિસીપ્લીન ઉડીને આંખે વળગે એવી રહી. સ્ત્રીઓના ગૌરવ અને આત્મસન્માનને ખીલવવાં રસોડા અને રોજિંદી ઘટમાળમાંથી બહાર કાઢવા માટેનો આ વર્કશોપ વખાણીએ એટલો ઓછો છે. કાર્યક્રમનું અદ્દ્ભુત આયોજન કરતાં આ સમર્પિત રોટેરીયનો સ્ત્રીઓને વધુ પ્રમાણમાં ટાઉન હોલ સુધી ખેંચી લાવવાં નગરની શૈક્ષણિક, સ્વૈચ્છિક, સામાજિક સંસ્થાઓનો સહયોગ લેશે તો 'સ્ત્રી શક્તિ' માટેની એમની સજ્જડ મહેનત વધુ મહિલાઓ સુધી પહોંચી જ શકે. કાર્યક્રમનાં આવનારી મહિલા આવતાં વર્ષે એક બહેનપણીને સાથે લાવી રોટરીનાં આ અભિયાનને મદદરૂપ થાય એવી અપીલ...

**શક્તિ-૨૦૧૪: રોટરી કલબ ઑફ ગાંધીનગરે 'હેપ્પી પરિવાર એટલે સ્ત્રીના ચહેરા પર સ્માઈલ' લાવવાં કાજલ ઓઝા વૈદ્ય, ડૉ. ભદ્રાયુ વછરાજાની, આર.જે. ધ્વનિત, ભાગ્યેશ જહા, ડૉ. મુકેશ બાવીશી, વિનેત અંતાણી, હિમાંશુ બુચ જેવાં વૈવિધ્યપૂર્ણ વકતાઓ દ્વારા કુટુંબનાં માળાની મણકાની દોરી સમાન સ્ત્રીનાં મહાત્મ્યનું વર્ણન કરાયું..**